**રે.દિ.મુ.ન.૫૧/૨૦૨૩**

***<u>વાદીની આંક.૫ ની અરજી લગત હુકમ</u>***

**૧.** વાદીની આંક.૫ ની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, મોજે ગામ ખરોડ તા. અંકલેશ્વર જી.ભરૂચમાં ખાડી ફળિયામાં પ્લોટ નં. ૭૮૦ જેનું ક્ષેત્રફળ ૩૫–૭૫ જેમાં ત્રણ મકાન રહેણાંકના બનાવેલ છે ૩૫ × ૨૫ ફુટ જેટલી ખુલ્લી વપરાશની જગ્યા રાખવામા આવેલ છે અને તે ખુલ્લી જગ્યામાં અચાનક તા. ૩૧/૦૩/૨૦૨૩ ના રોજ થી પ્રતિવાદી પાકું બાંધકામ કરવા માટેની શરૂઆત કરતા હોય પ્રતિવાદીઓને કહેવા જતાં ઝઘડો કરવા લાગેલા જેથી હાલનો દાવો સદર બાંધકામ બંધ કરાવવા માટે દાખલ કરવાની ફરજ પડેલ છે અને સદર જગ્યામાં બાંધકામ કરતા અટકાવવામાં નહી આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થાય તેવું નુકસાન જાય તેમ છે અને વાદીની ખુલ્લી જમીન પ્રતિવાદી દ્વારા પચાવી પાડી ગેરકાયદેસર બાંધકામ કરી દે તેવી પાકી દહેશત છે જેથી તાત્કાલીક ધોરણે ગેરકાયદેસરનું બાંધકામ સ્થગિત રાખે અને ખુલ્લી જમીન દબાણ રહીત કરી આપેલ તેવો વચગાળાનો મનાઈ હુકમ મેળવવા દાદ માંગેલ છે.

૨. સદર દાવાના કામે પ્રતિવાદીને સમન્સ નોટીસ ઈસ્યુ કરતા પ્રતિવાદીને ધોરણસર બજવણી થતા પ્રતિવાદી તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને આંક– ૧૪ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીઓની દાવા અરજી તદન ખોટી છે અને ખરી હકીકતમા પ્રતિવાદીએ પોતાની સ્વતંત્રમાલિકીની કબ્જા ભોગવટાની મિલકત નં. ૧૯૩૧ જેમાં કાચુ મકાન આવેલ હતુ. તે તોડીને નવુ મકાન બાંધકામ કરવા માટેની કાર્યવાહી કરેલ છે અને મિલકત નં. ૭૮૦માં ૩૫× ૨૫ ની ખુલ્લી જમીન આવેલી નથી અને મિલકત પચાવી પાડવા માટે અને ખોટી રીતે બાંધકામ અટકાવવા માટે હાલનો દાવો દાખલ કરેલ છે અને પ્રતિવાદી મિલકત નં.૧૯૩૧માં બાંધકામ કરેલ છે. વાદીની કોઈ મિલકતમાં પ્રતિવાદી બાંધકામ કરતા ન હોય વાદીની આંક–૫ ની અરજી રદ કરવા જણાવેલ છે.

**૩.** વાદી તરફે પોતાની અરજીના સમર્થનમા વારંવાર તક આપવા છતાં દલીલો રજુ ન કરતાં દલીલોનો હકક બંધ કરવામા આવેલ છે જયારે પ્રતિવાદી તરફે આંક–૧૯ થી લેખીત દલીલો

રજુ કરી તથા પોતાની દલીલોના સમર્થનમાં આંક– ૨૦ના લીસ્ટથી સોગંદનામા રજુ કરી અરજી રદ કરવા જણાવેલ છે.

**૪.** આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા–** (૧) શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું સગવડતાની સમતુલાનું પાસું વાદીઓની તરફેણમાં છે?

(૩) શું માંગ્યા મુજબનો હંગામી મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તે છે?

(૪) શું હુકમ ?

**૫. ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં..

(૪) આખરી હુકમ મુંજબ.

***કારણો***

**મુદ્દા નં. ૧થી૩.**

**૬.** આ કામે સદર મુદ્દા નં.૧થી૩ એકબીજા સાથે સુસંગત હોઈ ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલી છે.

**૬.૧** આ કામે વાદીએ જણાવેલ છે કે, દાવાવાળી મિલકતમાં આવેલ ૩૫× ૨૫માં ખુલ્લી જમીનમાં પ્રતિવાદી બાંધકામ કરી રહેલ છે જેના અનુસંધાને આંક–૦૩ થી દસ્તાવેજી પુરાવા

રજુ કરેલ છે જે પૈકી નિ. ૩/૩ થી વાદગ્રસ્ત જગ્યાનોફોટો રજુ કરેલ છે. પરંતુ તે ફોટો વાદીની જગ્યાનો હોવા બાબતે કોઈ પુરાવો વાદીએ રજુ કરેલ નથી. જયારે પ્રતિવાદીએ પોતાના લેખીત જવાબના સમર્થનમાં નિ. ૧૫/૧ થી ખરોડ ગ્રામ પંચાયતનો દાખલો રજુ કરેલ છે જેમા જણાવેલ છે કે, મિલકત નં. ૧૯૩૧ કાચુ મકાન સદલીબેન રાયજીભાઈ વસાવાના નામે આવેલ છે અને તેનું આકારણી પત્રક પણ નિ. ૧૫/૨ થી રજુ કરેલછે જયારે પોતાની દલીલોના સમર્થનમાં જયેશભાઈ મનહરભાઈ વસાવા તથા નરેશભાઈ ભયજીભાઈ વસાવાનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ પોતાના સોગંદનામામાં જણાવેલ છે કે સદર કામના વાદીની મિલકત નં. ૭૮૦ પ્રતિવાદીની મિલકત નં. ૧૯૩૧ ની બાજુમાં આવેલછે અને મિલકત નં. ૧૯૩૧ કાચુ ઘર હતુ તેમાં તોડીને પાકા મકાનનું બાંધકામ કરી રહેલ છે અને વાદીની માલિકીની કોઈ ખુલ્લી જમીન આવેલી નથી તથા બીજી બાજુએ સરકારી ખુલ્લી જગ્યા આવેલ છે જેથી વાદીઓની મિલકતમાં પ્રતિવાદીએ કોઈ પણ પ્રકારનું દબાણ કરેલ નથી. આમ, સદર સોગંદનામા જોતા તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ હકીકત જોતા વાદીની કોઈ મિલકતમાં પ્રતિવાદી બાંધકામ કરતા હોય તેવું પ્રથમ દર્શનીય વાદી સાબિત કરી શકેલ નથી જયારે કોર્ટ કમિશ્નરનું  નિ. ૧૬/૩ થી રજુ પંચનામું જોવામા આવે તો તેમાં વાદીઓના ઘરની બાજુમાં આવેલ જગ્યામાં પ્લિન્થ લેવલ સુધીનું બાંધકામ કરેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ પરંતુ આ બાંધકામ વાદીની જગ્યામાં પ્રતિવાદીએ કરેલ હોય તેવી કોઈ હકીકત સદર પંચનામું તથા નકશો જોતા ફલિત થતી નથી. આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ સગવડતાની સમતુલા પણ રેકર્ડ જોતા વાદીના લાભમાં જણાતી નથી. જેથી નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન જવાનો સંભવ જણાતો નથી .જેથી મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવી   મુદ્દા નં.૪ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

રે.દિ.મુ.ન.પ૧/૨૦૨૩

## -: હુકમ :-

૧. વાદીની આંક.પ ની અરજી આથી ના મંજુર યાને રદ કરવામાં આવે છે.

૨. સદર અરજીનો ખર્ચ દાવાના આખરી નિકાલ ને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૨ જી માહે જાન્યુઆરી સને.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૧/૨૦૨૪ (યોગીની ભીખાભાઈ પટેલ)

સ્થળ.અંકલેશ્વર ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ

અંકલેશ્વર